ગાંધીનગર સમાચાર

**વિરા તલાવડીમાં ઝાડા-ઉલ્ટીના ૩૦ કેસ**

# શહેર ભાજપ સંગઠનના નવા માળખાની જાહેરાત

## સુરેશ મહેતા, મુકેશ જાની, પરમજીત કૌર છાબડા ઉપપ્રમુખપદે, તો રૂચિર ભટ્ટ મહામંત્રી પદે, સંગઠનમાં પાંચ મહિલાઓને સ્થાન

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેર ભાજપાના સંગઠનની નવી રચના આજે શહેર ભાજપ પ્રમુખશ્રી મહેન્દ્ર પટેલ દ્વારા જાહેર કરવામાં આવી છે. નવા નિમાયેલા ૧૫ હોદ્દેદારોમાં ૪ ઉપપ્રમુખ, ૩ મહામંત્રી, ૭ મંત્રી અને એક કોષાધ્યક્ષની નિયુક્તી કરવામાં આવી છે.

આજે નવા જાહેર કરાયેલ સંગઠનમાં શહેર ભાજપના પૂર્વ પ્રમુખ શ્રી સુરેશ મહેતાને પુનઃ ઉપપ્રમુખ પદની તો પૂર્વ પ્રમુખ શ્રી રૂચિર ભટ્ટને મહામંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે.

નવા સંગઠનમાં પાંચ મહિલાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ઉપપ્રમુખ તરીકે પરમજીત કૌર છાબડાનો સમાવેશ કરાયો છે. તેમજ પલ્લવીબેન પરીખ, જનકબા ચાવડા, મધુબેન પ્રજાપતિ અનો કૈલાશબોન લખવારાની મંત્રી તરીકે નિયુક્તી કરવામાં આવી છે.

પક્ષના મહામંત્રી તરીકે ફરજો બજાવતા મુકેશ જાનીને ઉપપ્રમુખ પદનો કાર્યભાર સોંપાયો છે તો કનુભાઈ દેસાઈને મહામંત્રી તરીકે યથાવત રાખવામાં આવ્યા છે. પાંકજ જી ઠાકોરનો પણ મહામંત્રી તરીકે સમાવેશ કરાયો છે. પૂર્વ કાઉન્સીલર શંકરભાઈ ચૌધરીનો મંત્રીપદ આપાવામાં આવ્યું છે.

પક્ષના કોષાધ્યક્ષ તરીકે શ્રી વિનાયક પાટેલની નિયુક્તી કરવામાં આવી છે. જો કે હજુ ૪ ઉપપ્રમુખ અને ૧ મંત્રીની નિમણુંક બાકી હોવાથી તે હવે પછી ભરવામાં આવશે. તેમ પણ અખબારી યાદીમાં સ્પષ્ટતા કરતા જણાવાયું છે.

| નામ | હોદ્દો |
|---|---|
| સુરેશભાઈ મહેતા | ઉપપ્રમુખ |
| અશોકજી મકવાણા | ઉપપ્રમુખ |
| મુકેશભાઈ જાની | ઉપપ્રમુખ |
| પરમજીત કોર છાબડા | ઉપપ્રમુખ |
| રૂચિરભાઈ ભટ્ટ | મહામંત્રી |
| કનુભાઈ દેસાઈ | મહામંત્રી |
| પંકજજી ઠાકોર | મહામંત્રી |
| અતુલભાઈ પટેલ | મંત્રી |
| શંકરભાઈ ચૌધરી | મંત્રી |
| પદમસિંહ ચૌહાણ | મંત્રી |
| પલ્લવીબેન પરીખ | મંત્રી |
| જનકબા ચાવડા | મંત્રી |
| મધુબેન પ્રજાપતિ | મંત્રી |
| કૈલાશબેન લખવારા | મંત્રી |
| વિનાયક પટેલ | કોષાધ્યક્ષ |

જો કે નવા સંગઠનમાં દરેક વોર્ડને સરખુ પ્રતિનિધિત્વ નહિ મળ્યાની લાગણી પણ કાર્યકરો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. જો કે પક્ષના અન્ય સંગઠનોમાં બધા વોર્ડનું સંતુલન જળવાઈ જશે તેવી હૈયાધારણ આપવામાં આવી હોવાનું પણ કાર્યકરોના વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

# કોંગ્રેસના ધારાસભ્યોની આવતીકાલે મહત્વની બેઠક

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યોની એક મહત્વની બેઠક ૧૮મીના રોજ મળનારી છે. જેમાં વર્તમાન ભાજપ સરકારની નિષ્ફળતાઓ અને કેન્દ્ર સરકારની નિષ્ફળતાઓને પ્રજા સમક્ષ લઈ જવા કાર્યક્રમો ઘડી કાઢીને જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત વિધાનસભાની ચૂંટણી આડે હવે બે વર્ષનો જ સમય બાકી રહ્યો છે ત્યારે કોંગ્રેસ અત્યારથી જ ચૂંટણીની તૈયારીઓ આરંભી છે.

જેના ભાગરૂપે આગામી ૧૮મીના રોજ અમદાવાદ પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે કોંગ્રેસના ધારાસભ્યોની એક મહત્વની બેઠક મળનારી છે. આ બેઠકમાં પ્રદેશ અધ્યક્ષ ભરતસિંહ સોલંકી, વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, ગુજરાતના પ્રભારી ગુરૂદાસ કામત તેમજ પૂર્વ કેન્દ્રીય મંત્રી જયરામ રમેશ આ બેઠકમાં ખાસ ઉપસ્થિત રહેશે.

ગુજરાતમાં કોંગ્રેસના સંગઠનને વધુ મજબૂત બનાવવા અને રાજ્ય સરકાર સામે કાર્યક્રમો આપવા માટેની પણ ચર્ચા કરીને રણનીતિ ઘડી કાઢવામાં આવશે.

# આદિવાડામાં પાણીજન્ય રોગચાળાની ભીતિને લઈ મનપાનું તંત્ર કામે લગાડાયુ





ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ આદિવાડી ગામમાં પાણીજન્ય રોગચાળાની ભીતિ સ્થાનિક કાઉન્સીલર શ્રીમતિ હર્ષાબા ધાંધલ દ્વારા વ્યક્ત થતાં મેયર શ્રી પ્રવિણ પટેલ, ધારાસભ્ય શ્રી અશોક પટેલ, ડે. મેયર શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા સહિત અધિકારીઓની ટીમ આદિવાડી પહોંચી હતી.

આદિવાડા ગામેથી પાણીના નમુના પણ લેવાયા છે તેમજ ગામમાં ગટર લાઈનો જે રીતે ચોક-અપ થઈ છે તેને લઈ માર્ગ-મકાન વિભાગ સાથે પરામર્શ કરી અને તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મેયરશ્રી, ડે. મેયરશ્રી તેમજ ધારાસભ્યની ટીમે આ બાબતે તાત્કાલિક સફાઈ અભિયાન શરૂ કરવા માટે પણ તંત્રને સૂચનાઓ આપતાં સ્વચ્છતા અભિયાનની કામગીરી હાથ ધરવામાં આવી છે.

આદિવાડા ગામમાં ટેકનીકલ ક્ષતિને કારણે ગટર લાઈનો ચોક-અપ થઈ જતાં ગટરના પાણીનો ભરાવો થઈ જવા પામ્યો હતો. આ બાબતે સ્થાનિકો કાઉન્સીલર હર્ષાબા ધાંધલ તેમજ તેમના પતિ જીલુભા ધાંધલે સત્તાવાળાઓનું તાકીદે ધ્યાન દોર્યુ હતું.

તેમના ટેલિફોનીક સંદેશાઓને પગલે તંત્ર દોડતુ થયું હતું. ત્યાંથી

● અનુસંધાન પાન-૭ પર

# આજે ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ

## પરિણામ સાંજે ૪ કલાકે જાહેર થશે : બોર્ડની વેબાસાઇટ પરથી જાણી શકાશે : વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉત્તેજનાનો માહોલ : જિલ્લાના ૫૮૧૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી

ગાંધીનગર તા ૧૬

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૬માં લેવાયેલી ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરિક્ષાનુ આજે સાંજે ૪ કલાકે પરિણામ જાહેર થશે. શિક્ષણમંત્રી દ્વારા પરિણામની જાહેરાત થશે. ગાંધીનગર જિલ્લામાંથી પણ ૫૮૧૦ જેટલા વિદ્યાર્થીઓએ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરિક્ષા આપી હતી. જયારે ૩૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ગુજકેટની પરિક્ષા આપી હતી. ગુજકેટનુ પરિણામ પણ સાંજે ૪ વાગે બોર્ડની વેબસાઈટ પરથી જાહેર થશે.

ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરિક્ષાનુ આજે બોર્ડ દ્વારા પરિણામ જાહેર થશે. સ્વર્ણિમ સંકુલ ખાતેથી શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા સાંજે ૪ કલાકે પરિણામની જાહેરાત થશે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ તેમજ ગુજકેટનુ પરિણામ પણ જાહેર થશે. બોર્ડની વેબસાઈટ પરથી પરિણામ જાણી શકાશે. બોર્ડ દ્વારા આ (1) www.gseb.org (2) www.gipl.net વેબાસાઈટ પરથી પરિણામ જાણી શકાશે.ગાંધીનગર જિલ્લામાંથી પણ ૫૮૭૧ જેટલા વિદ્યાર્થીઓએ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરિક્ષા આપી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# વિરા તલાવડીમાં ઝાડા-ઉલ્ટીના ૩૦ કેસ

## રાંધેજા પછી વિરા-તલાવડીમાં બનેલી ઘટનાને પગલે તંત્રએ તાબડતોબ કામગીરી હાથ ધરી : ૪ લિકેજીસ મળ્યા : ગામમાં પેયજળનો પુરવઠો ટેન્કરથી અપાયો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર તાલુકાના વિરાતલાવડી ગામે પાણીજન્ય રોગચાળાએ માથુ ઉચકતુ ૩૦ વ્યક્તીઓને ઝાડા-ઉલ્ટીમાં સપડાયા છે જે પૈકી ૧૧ દર્દીઓને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

ગઈકાલે રાત્રે એકાએક ઝાડા-ઉલ્ટીના બનાવો બનતાં આજે સવારથી જ જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી. મળતી વિગતો પ્રમાણે અહિ સર્વેલન્સ દરમ્યાન ૪ જેટલા પાણીના લિકેજીસ મળી આવતાં તાત્કાલિક પેયજળનો પુરવઠો જે અપાય છે તે

● અનુસંધાન પાન-૭ પર

# પાટનગર યોજના ભવનમાં ટોઈલેટ બ્લોકના બારણા લટકેલા : પાણીની લાઈનો તુટેલી

## ટોઈલેટ બ્લોકની તુટેલી લાઈનના લીધે લોબીમાં પાણી ઉભરાય છે. ટોઈલેટ બ્લોકની સફાઈના નામે પણ મીંડુ

ગાધીનગર તા ૧૬

પાટનગર યોજના ભવનની કોર્પોરેટ કચેરીમાં ટોઈલેટ બ્લોકના બારણાં લટકી પડયા છે. જયારે વોશ રૂમમાં પાણીની લાઈન પણ તુટેલી હોવાથી લોબીમાં પાણી ઉભરાતા ગમે ત્યારે કોઈ કર્મચારી અકસ્માતનો ભોગ બને તેવી દહેશત છે. કચેરીના ટોઈલેટ બ્લોકમાં સફાઈના નામે મીંડુ છે. વિવિધ ડિવિઝનલ કચેરીના રીનોવેશનની કામગીરી બાદ જાળવણીના અભાવે ટાઈલ્સમાં પણ ગાબડા જોવા મળે છે. જયારે તંત્રની આંખ સામે જ લાપરવાહીનો ચિતાર જોવા મળે છે.

શહેરમાં પાણી ગટર અને રસ્તા સહીતની પાયાની સુવિધાઓના કામોની જવાબદારી જેના શીરે છે. તેવા પાટનગર યોજના ભવનના બિલ્ડીંગમાં જ દુવિધાઓ મંડરાઈ છે. પાટનગર યોજના ભવનમાં વર્ષ

● અનુસંધાન પાન-૭ પર






# ગાંધીનગરની બિગેસ્ટ ગ્રાન્ડ બમ્પર હાઉસી

**૨૮મી મે, ૨૦૧૬ના રોજ ઈન્ફોસિટી કલબ એન્ડ રિસોર્ટ, ગાંધીનગર ખાતે**

**Capital's Biggest Grand Bumper Housie**




Be Ready to Many more Prizes

**Reserve Your Tickets NOW**

સંસ્થાઓ / મંડળો / કોર્પોરેટ / કંપનીઓ / એસોશિયેશનો માટે બલ્ક ટિકીટ ખરીદી પર ડિસ્કાઉન્ટ!

હાઉસીમાં આપના પ્રોડકટસના ફ્રી સેમ્પલિંગ, ડેમોન્સ્ટ્રેશન, પ્રમોશન, પેમ્ફલેટ /બ્રોશર ડિસ્ટ્રીબ્યુશન, ડિસ્કાઉન્ટ કુપન, કેશ વાઉચર્સ/ગિફ્ટ વાઉચર્સ ડિસ્ટ્રીબ્યુશન, સ્ટોલ બુકિંગ, ઈનામોની સ્પોન્સરશીપ તથા અન્ય સ્પોન્સરશીપ માટે સંપર્ક કરો.

+91 98796 19922 - 99799 22443 - 99099 06372

e-mail : rajesh@theinfocity.net , rcb1239@yahoo.com

* T&C apply

SUPPORTED BY


## ગાંધીનગર મહાનગરપાલિકા

Website : www.gmc-egovern.org.in

### જાહેર વિજ્ઞપ્તી

**ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં.૩ અને ૬ને ખુલ્લામાં થતી શૌચક્રિયામાંથી મુક્ત જાહેર કરવા બાબત.**

**વાંધા/સુચનો મંગાવવા બાબત**

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શહેરને સ્વચ્છ બનાવવા ગાંધીનગર શહેરના તમામ નાગરિકો કટિબદ્ધ છે અને આપના સક્રિય સહયોગથી ગાંધીનગર શહેરને સ્વચ્છતામાં સમગ્ર દેશમાં અગાઉના ૨૩૧માં ક્રમેથી ૪૨મો ક્રમ પ્રાપ્ત થયેલ છે. સ્વચ્છતા સ્પર્ધામાં પણ સહેરના તમામ નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ છે. શહેરની સ્વચ્છતા તેમજ આરોગ્ય વિષયક બાબતે ધ્યાને લેતાં, સમગ્ર શહેરને ખુલ્લામાં શૌચની ક્રિયા મુક્ત (ઓ.ડી.એફ.) જાહેર કરવાનું આયોજન છે.

આ સંબંધે ગાંધીનગર મહાનગરપિલાક દ્વારા વિવિધ વિસ્તારોમાં કુલ ૫૪૯૩ વ્યક્તિગત શૌચાલયો બનાવેલ છે. તથા કુલ ૧૬ કોમ્યુનિટી અને પે એન્ડ યુઝ ટોયલેટ બનાવવામાં આવેલા છે. તે ઉપરાંત ૮ સ્થળો જાહેર શૌચાલયો માટે આઈડેન્ટીફાય કરેલ છે. તેમજ નવીન ૨૩૭ વ્યક્તિ શૌચાલયો બનાવવાનું કામ હાથ ઉપર છે. આ સુવિધાનો ઉપયોગ નહીં કરતા નાગરિકો માટે મહાનગરપાલિકા દ્વારા વિવિધ જનજાગૃતિ (IEC ACTIVITY) કરવામાં આવે છે. જેમાં હોર્ડીંગ / બેનર / પેમ્ફલેટ / બોર્ડ / પ્લે કાર્ડ / સ્પર્ધા / નાટકો જેવી કાર્યવાહી પણ કરવામાં આવે છે. થયેલ સુવિધા તેમજ કાર્યવાહીને ધ્યાને લેતાં, આગામી દિવસોમાં સમગ્ર શહેરને ખુલ્લામાં શૌચની ક્રિયાથી મુક્ત (ઓ.ડી.એફ.) જાહેર કરવાનું આયોજન છે. આ અંગે જે પણ નાગરિકોના વાંધા / સુચન આપવા માંગતા હોય તેઓએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી વધુમાં વધુ દિન-૧૫ (પંદર)માં મ્યુનિસિપલ સેક્રેટરીશ્રીની કચેરી, ગાંધીનગર મહાનગરપાલિકાના સરનામે રજૂ કરવાનો રહેશે. ખુલ્લામાં શૌચની ક્રિયા જાહેર આરોગ્યને નુકસાન કર્તા હોઈ તે અંગે પેનલ્ટી પણ થઈ શકે છે. તેથી આ બાબતને ગંભીરતાથી ધ્યાને લઈ સમગ્ર શહેરને 'ખુલ્લામાં શૌચની ક્રિયાથી મુક્ત (ઓ.ડી.એફ.) જાહેર કરવા સહકાર આપવા વિનંતી છે. તેમજ આ અંગે આપના રચનાતામક સુચનો મોકલી આપવા વિનંતી છે.

| સહી/- | સહી/- |
|---|---|
| મ્યુનિસિપલ કમિશનર | મેયર |
| ગાંધીનગર મહાનગરપાલિકા | ગાંધીનગર મહાનગરપાલિકા |

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. રમણકાન્ત ભાણજી પુરોહિત**

વૈશાખ સુદ-૧૧ વિ.સં. ૨૦૭૧

વટવૃક્ષ સમાજ વિશાળ પરિવારને સંપ, સહકાર અને સત્યતાનો માર્ગ બતાવનાર. જીવનની સુમધુર સંગીતમય સુવાસ ફેલાવનાર એવા પરોપકારી સ્વભાવના આત્માને અમો કદી નહીં ભુલીએ... પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

લિ.

સુધાબેન રમણકાન્ત પુરોહિત

રેણુબેન આર. પુરોહિત — રાજુભાઈ આર. પુરોહિત

સંગીતાબેન બી. પુરોહિત — બિરેનભાઈ આર. પુરોહિત

રૂપાબેન સુભાષકુમાર ઠાકર — સુભાષકુમાર હરીપ્રસાદ ઠાકર

● હાર્દિક ● રૂપલ ● સ્વેતા ● નેહા ● સોહમ ● અનુજા ● કાનન

તથા સમસ્ત પુરોહિત પરિવાર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com